લખનાર

ચેતરામ હરીલાલ વર્મા.

મુંબઈની મરકીનો ત્રાસ.

અમદાવાદ — "ગુજરાત ગેઝેટ" પ્રેસ.

કિંમત ૦-૦-૩

મુંબઇની મરકીનો ત્રાસ.

(વોય હાયરે જીસકા બતન કરબલાહે એ રાગ.)

વોય હાયરે મુંબઇમાં મરકીનો ત્રાસ;
મુંબઇમાં મરકીનોત્રાસ, લોકો ઘણા થયા છે ઉદાસ. રીવોય૦
સંવત ઓગણી તેપનની સાલે, માસ બેજણુથી મરકી ચાલે;
લોકો થયા ઘણા બેહાલે. રીવોય૦
ગુજરાતમાં મુંબઇ છે મોટું, હવે થવા બેઠું છે છેક છોટું;
પરમેશ્વરે કર્યું બહુ ખોટું. રીવોય૦
પરદેશથી પ્રીતે લોક આવે, માલ લેઇને પોતાને ઘેર જાવે;
આમ થવાથી તે તો અચકાવે. રીવોય૦
મન માન્યુ ખાવાનું મળે, લોકોને મજા ખુબ પડે છે.
આવું થવાથી તેતો ડરે છે. રીવોય૦
ભુલે ચુકયે મુંબઇ ના જાશો, ગયા પછી તમો પસ્તાશો;
પાછા જોવા ગયા નાખી નીસાસો. રીવોય૦
માનવંતુ મુંબઇ મનાય, ઘણા જનો ધંધાર્થે ત્યાં જાય;
આજ સમશાન જેવું જણાય. રીવોય.
હોંશ ધરી પરદેશીઓ આવે, જેને તેને ત્યાં રોજી રળાવે;
નામ સાંભળીને મન ભડકાવે. રીવોય૦
મહા મેહનતે મેટ્રીક ભણીયા, ભણ્યા ઝાઝુ પણ નહી ગણીયા.
પૈસાયુમાવી ગાંડા તે બનીયા. રીવોય૦

મુંબઇ મધ્યે જે વાસો વસે છે, તેતો પોતાના મનમાં ડરે છે;
ઘેર જાવું જાવું એમ કે'છે. રોવેય૦
ઘણા લોકો ત્યાંથી નાસી આવ્યા, મુંડી પોતાની પુરી નથી લાવ્યા;
સગાં વહાલાંને મન તેતો ભાવ્યા. રી રોય૦

(કાંતા શું થશે—એ રાગ.)

મુંબઇ આમશું, શું કરે નાદાનીરે, ટેક.
અરર હાય, મન મુંઝાય, નવ રેવાય, શું કરે નાદાનીરે.
જન પોકાર કરે, વાત વીદેશ જવાનીરે,
નવ રેહેવાય, બદ હવાય, ત્રાસ થાય, શું કરે નાદાનીરે.
કંઇક ચાલીયા, સંગ પોતાનો છોડીરે,
ઝેરી ગાંઠ, થઇ છે લાંઠ, ને ઉચ્ચાટ, શું કરે નાદાનીરે.
ડાક્તર આવીયા, દેશ વીદેશથી જોવારે,
જોઇને હાય, થાય છે લાય, નવ સેવાય, શું કરે નાદાનીરે.
સગાં સબંધી સહુ, કોઇ કોઇનાં નહી સાથીરે,
અંતે આપ, કોઇ નહી સાથ, દુખ અમાપ, શું કરે નાદાનીરે.
ધન દોલતને, પુત્ર પરીવારારે,
મુકી તમામ, જાવું મસાન, ખરૂ નીશાન. શું કરે નાદાનીરે.
ચરનીરોડ જ્યાં, ચોપાટી ત્યાં કેવાયરે,
સોનાપુર માંય જવું છે હાય, નવ રેવાય, શું કરે નાદાનીરે.
ઇંદ્ર પુરી સમું, જે મુંબઇ કેહેવાતુંરે,
જેના હાલ, થયા બેહાલ, જુવો નાતાલ, શું કરે નાદાનીરે.
શોભા શી કહું, કોટ તણી તગે જાણુંરે,
ઇંગ્રેજ બજાર, નહી સુમાર, વેપાર અપાર, શું કરે નાદાનીરે.

પોરીબંદર તણું, જે ઇસ્ટેશન કેવાતુંરે,
જયાં અપાર, સોભા બેસુમાર, ગાડી તઇયાર, તું કરે નાદાનીરે.
દરીયાઇ બોટની, શોભા શી વખાણુંરે,
ઈંચ્રેજ તમામ, કરેછે કામ, મુકી દામમ, તું કરે નાદાનીરે.

બડા બાઈ બુડતો તારેરે એ રાગ.

મરકીએ તો મોકણુ માંડીરે, બેશી જન ગયા ઘેર ગાડીરે. ટેક.
સંવત ઓગણી તેપન સાલે, કારતક માગસર માસ;
ઘણા શીમંતો મુકીને ચાલ્યા, પોતા તણા અવાસ. મરકી૦
પરદેશી જન ત્યાંતો આવે, કરવા ઘણા વેપાર;
ગાંઠ તણો ઝેરી રોગ જોઇને, તેતો થયા લાચાર. મરકી૦
દેશ વીદેશથી દાક્તરો આવ્યા, પરીક્ષક ઘણા હુંશીયાર;
નીસાસા નાખીને બેઠા, ઘણા બની લાચાર. મરકી૦
દવા ઉપર દવા ચાલે, દુખી ઘણા ગભરાય;
પોક મારીને દુખીરે રોવે, પ્રાણ હવે કયારે જાય. મરકી૦
સીવીલ સરજન જેવા દાક્તરો, મોટા મોટા જ્યાં છે ભાઇ;
તે તો નીસાસા નાંખીને બેઠા, રઈયત ઘણી ગભરાઇ. મરકી૦
નાસો નાસો રઈયત કરેછે, ઘરો ઘર પોકાર;
જો જાસો તો પાછા આવશો, નહીં તો રહેશો આકાર. મરકી૦
દવા દારૂ કાંઇ તણો ત્યાં, ચાલે નહીં ઉપાય;
જે જનો ઘેર આવ્યા તે જીવ્યા, રહ્યા ત્યાં તેતો પસ્તાય. મરકી૦
ઈંદ્રપુરી સમું જે મુંબઈ, તે તો થયું સમશાન;
કોઇક જનો ઘર મુકીને નાઠા, રોગનું કરી અનુમાન. મરકી૦
ધન દોલતને માલ ખજાના, પુત્ર અને પરીવાર;
તે તો સરવેને લેઇને ચાલ્યા, નાખી નીસાસા અપાર. મરકી૦

ગીરધારીની ગરબીનો રાગ.

મુંબઇરે જોવું તને બલીહારી, આ શી દશા થઇછે તારી;
તારા રોફ ઉપર જાઊં વારી, જ્યાં વસે મમાદેવી માકાળી. ટેક

ઝુલ—દરસન કરવા જાય નરનારીરે, ત્યાં તલાવછે એક ભારીરે;
સરાફ બજારરે, જોવાનું તે હામે, જોઇ મન હરખ વાણું પામે.
ચોકસીનું બજાર, જ્યાં છે સારૂરે, પ્રીય જનોને મન વસનારૂરે;
જોઇનેરે, હરખ ઉપજે અતી ભારી, આ શી દશા થઇછે તારી.

ઝુલ—ભુલેશ્વર મા'દેવ મોટારે, જે છેક નથી તે છોટારે;
બીખારીરે, જન બેસે તે હામે, મન માન્યું ખાવાને પામે;
જ્યાં બેસેછે મહા વીદવાનરે, પુજે શીવને મહા બળવાનરે;
જેની શોભારે, કળી શકે મતી નારી; આ શી દશા થઇછે તારી.

ઝુલ—જુઓ કોટ તે મુંબઈ ફેરારે, જ્યાં દરીઓ કરેછે લેહેરારે;
જોઇનેરે, ઈંગ્રેજની દુકાનો, મનમાં હરખ મેં માન્યો;
જ્યાં વસેછે મોટા વેપારીરે, જેની શોભાની બલીહારીરે;
કહુંછુંરે, સાચું લેજો વીચારી, આ શી દશા થઇછે તારી.

ઝુલ—માલક્ષ્મી માતા છે મોટીરે, જેની કીરતી નથી છેક છોટીરે
જોવાનેરે, જન વીદેશી આવે, જોઈ રે'વાને મન લલચાવે;
જેની શોભા તણો નહી પારરે, દરસન કરેછે નરનારરે;
માનીલ્યોરે, મનમાં તમે વીચારી, આ શી દશા થઇછે તારી.

ઝુલ—ભોંય ખલા જે કે'વાયરે, રાણી બાગે ત્યાંથી જવાયરે;
વસેછેરે, પસુ પક્ષી અતીભારી, જ્યાં વાઘ વરૂ વસે નારી;
જેણે રાણી બાગ ન જોયોરે, એણે મનખો તેણે ખોયોરે,
મરતાંમાંરે, ન જોયું જે નરનારી, આ શી દશા થઇછે તારી.

લલીત.

અરર ઓ પ્રભુ, કોપ આદર્યો;
વિદેશી જન તે, ભોઇને ડર્યો.
નથી ગુજરાતમાં, શેહેર બીજું કોઇ;
નીરખીયું હશે, જેણે જઇ જોઇ.
ઇંદ્રપુરી સમું, મુંબઇ જે હતું;
તેતો થવા બેઠું, છે હવે નવું.
જુલમ દૈવ્યના, નવ જાય સાહ્યા;
જે ત્યાં તો ગયા, તે ત્યાં નવ રહ્યા.
કઇક આવીયા, હરખ ભેર ઘેર;
મુંબઇ નથી રેવું, દૈવ્યનો છે કેર.
ગાંઠ તણો રોગ, જે મુંબઇમાં આવીયો,
જેણે આવીને ત્યાં, ત્રાસ વરતાવીયો;
કંઇક દાક્તરો, નવાઇ પામીયા.
આ નવીન રોગ, પ્રભુ ક્યાંથી લાવીયા.
દવા થકી કંઇ, અરથ નવ સર્યો;
અરે પ્રભુ તમે, આ કોપ શો કર્યો.
રેલવે થકી લોક, ઘેર જાય છે;
જ્યાં ધકા થકી, બહુ ગભરાય છે.
ત્યાંથી જે જનો, સ્વદેશ જાય છે;
ત્યાંતો તેમને, દુઃખી દેવાય છે.

રાગ ક્ષત્રીકલંકનો.

અરે સાંભળો સજ્જન નરનાર, મુંબઈ જુઓ મરકી ચાલીરે.
લોક થયા છે ઘણા લાચાર, મુંબઈમાં જુઓ૦
કેઈક મુકી ચાલ્યા પોતાના આવાસ, મુંબઈમાં જુઓ૦
રઈત નાખે છે નીસાસા ચોપાસ, મુંબઈમાં જુઓ૦
ઝેરી ગુમડે લેવા માંડયું વેર, મુંબઈમાં જુઓ૦
તેતો કરવા બેઠું છે કાળો કેર, મુંબઈમાં જુઓ૦
જ્યાં વસે છે મોટા શ્રીમંત, મુંબઈમાં જુઓ૦
રોગ જોઈને થાય છે દીગમુંઢ, મુંબઈમાં જુઓ૦
આગાઉ વીજળીએ વરતાવ્યો કેર, મુંબઈમાં જુઓ૦
તેથી અધીક વાળે છે જુઓ વેર, મુંબઈમાં જુઓ૦
કોઈ કહે મારો ભાઈ ગયો આ વાર, મુંબઈમાં જુઓ૦
હવે હુંતો ઘેર જાઉં નીરધાર, મુંબઈમાં જુઓ૦
માત કહે પુત્ર વીજોગે ન રેવાય, મુંબઈમાં જુઓ૦
બેન કહે આવું દુખ કેમ સેવાય, મુંબઈમાં જુઓ૦
બાપ કહે પુત્ર વીના નવ રેવાય, મુંબઈમાં જુઓ૦
મીત્ર કહે મીત્ર વીયોગ નવ સેવાય, મુંબઈમાં જુઓ૦
જેની શોભા ઈંદ્રપુરીના સમાન, મુંબઈમાં જુઓ૦
તેતો થવા બેઠું છે હવે વેરાન, મુંબઈમાં જુઓ૦
રેલવે થકી આવે ઘણા જન, મુંબઈમાં જુઓ૦
ઝુંપડી લેવરાવે છે મુનસીપાલના જન, મુંબઈમાં જુઓ૦

વેલા ઉઘાડાને હવાર—એ રાગ.

મુંબઈમાં વરસે છે ત્રાસ, જુઓ જન મુંબઈમાં વરસે૦
લોકો થયા છે ઉદાસ, જુઓ જન મુંબઈમાં વરસે૦ ટેક.

ત્રણુ મહીનાથી ગાંઠનો, રોગ ચાલે છે અપાર;
માણુસ મરેછે અતી ઘણું, જ્યાં રોગનો નહી સુમાર. જુઓ.
ઓગણી તેપનની સાલમાં, કારતક માગસર માસ;
રોગ ચાલ્યો મુંબઈ શહેરમાં, જ્યાં વરતાય છે ઘણો ત્રાસ. જુઓ.
કોલાબેથી ગાડીઓ, આવે છે બે સુમાર;
જ્યાં ભીડ છે અતી ઘણી, તેનો કેતાં ન આવે પાર૦ જુઓ.
ગરીબ શેઠ સાહુકારો, આવે પોતાને ઘેર;
જો જીવતા ઘેર પોચીશું, તો તો કરીશું બેઠા લેર. જુઓ.
ઈંદ્ર પુરી સમ જે હતું, તે થવા બેઠું છે વેરાન;
જ્યાં રોગ છે અતી ઘણો, ઝેરી ગાંઠ તણુાના દાન. જુઓ.
ગુજરાતમાં બીજુ નથી, મુંબઇ જેવું શહેર;
જ્યાં વસ્તી અગાધ છે, ત્યાં તો બેઠા કરે લેર. જુઓ.
દેશ દેશના માનવી, આવે છે તે ઠાર;
ધન કમાઈ ઘેર જાય છે, જ્યાં ધંધો ચાલે બેસુમાર. જુઓ૦
કંઇક કરમના કઠણ જે, આવ્યા મુંબઈ માંય;
ઝેરી ગાંઠના રોગથી, તે તો પોચ્યા સોનાપુરમાંય. જુઓ૦
હે ઈશ્વર તુજને નમું, લળી લળી લાગુ પાય;
જો રઇયત ઉપર કૃપા કરો, તો તો ઝેરી રોગઝટ જાય. જુઓ૦
હાર્યા દાકતર સર્વે કો, હાર્યા વઇદ અપાર;
હાર્યા શેઠ સાહુકારો, જેનો કેતાં ન આવે પાર. જુઓ૦

આગગાડીનો ગરબો.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડીરે આવી;
એતો આવી છે હિંદુસ્તાન, અગન કેરી ગાડીરે આવી.

સાખીઓ.

સરસ્વતી માતને વિનવું, ગણપત લાગું પાય;
ટોપીવાળા તારા રાજ્યમાં, તારૂ મુંબઇ ઘણું પકાય. [illegible]
ગાડી તારાં બેસણાં, જે ઇંદ્ર તણા વૈમાન;
આંકડે આંકડો મેળવ્યો, જેનો ઘડનાર ચતુરસુજાણ. [illegible]
કોલાબેથી ઉપડી, એવો આવે જ્યારે તાર;
માસ્તર તારીખ મેળવી, ખુલ્લું મુકે ટીકીટનું દ્વાર. [illegible]
ગાડી આવી ઘંડ વાગીયો, ટીકીટ કરાવવા જાય;
ઘડી એકનો વિલંબ પડે, તેતો ટીકીટ વિના ગોથાંખાય. [illegible]
સ્ટેશન ઉપર પાન ને, સોપારી વેચાય;
શોખીન સેહેલાણી જનો, ખાંતે ખરીદ કરીને ખાય. [illegible]
દુરથી દેખે જો આવતી, તરત શીંગલ બદલાય;
બેસનારા તૈયાર થઇ, ટપોટપ ગાડીમાં બેશી જાય. [illegible] ૧૦
ધમધમ કરતી દોડતી, સીટીનો આપે સાદ;
પલક એકમાં પહોંચાડી દે, જેને કરીએ આપણે યાદ. [illegible]
સુરત શહેરની સુંદરી, મુંબઈ આવે ને જાય;
જેને મળવાની ઇચ્છા હતી, તેનો મેલાપ સાંજે થાય. [illegible]
રાણી તારા રાજમાં સરવ પ્રકારનું સુખ;
ધન્ય ધન્ય સ્રીની જાત, તેં દીપાવી જનુનીની કુખ. [illegible]

સમાપ્ત.

ગુજરાતગેઝેટ પ્રેસમાં ઘણી જાતની
ચોપડીઓ વેચાતી મળેછે.

